નં.ખ-૩/હડતાલ/૯૮-૯૯/૭૩૦૭-૯૭
ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી,
બ્લોક નં.૧૨ ડૉ.જી.મ.ભવન,
ગાંધીનગર તા. ૨૩-૭-૯૮.

પ્રતિ,
જીલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ

વિષય:- બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના કર્મચારીઓની હડતાલનો ~~સમય~~ વિનિયમિત કરવા બાબત

સંદર્ભ:- શિક્ષણ વિભાગનો પત્ર નં. બમશ/૧૩૯૮/ઇએમ/૫૦-ગ તા.૨૨-૭-૧૯૯૮

ઉપર્યુકત વિષય પરત્વે જણાવવાનું કે સંદર્ભમાં દર્શાવેલા શિક્ષણ વિભાગના તા. ૨૨-૭-૯૮ મુજબ ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિ ધ્વારા તેમની કેટલીક માંગણીઓના નિરાકરણ માટે તા. ૧૮-૬-૯૮ થી હડતાલ ઉપર ગયા હતા અને હડતાલ તા. ૨૯-૬-૯૮ (૧૨ દિવસ)ચાલેલ હતી. આ હડતાલના સમય દરમ્યાનનો પગારચુકવવા સરકારશ્રીમાં રજુઆત કરવામાં આવેલ હતી આ " " ના સિધ્ધાંત ને ધ્યાનમાં લઈને જરુરી વિચારણા કર્યા બાદ તા.૧૮મી જુન.થી ૨૯ મી જુન. સુધી હડતાલ ચાલી છે તેમાં કામના દિવસો માટે ગેરહાજર આચાર્ય, શિક્ષકો, કર્મચારીઓની રજામાંગણી અને મંજુર કરવી. આ રજા હકકરજા, અર્ધ પગારી રજા, કોમ્પ્યુટેડ રજા કે પરચુરણ રજા જે યોગ્ય લાગે તે મળવાપાત્ર હોય તો અરજી આવ્યેથી મંજુર કરવી.

ઉપરોકત પારા-૧માં દર્શાવ્યા મુજબની કાર્યવાહી કરવા તમામ સબંધિત બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ કરવી.

સહી/-
(સ્વતંત્ર કે. સેઠી)
ઉચ્ચ શિક્ષણ કમિશનર
ગુ.રા.ગાંધીનગર.